ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 27th November, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

........................................................................., ભાવનગર.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની ૨૫ મી

**રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં ભાવનગર જીલ્લાના ત્રણ લઘુ સંશોધનની રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી.**

ગુજકોસ્ટ દ્વારા ભવિષ્યમાં નાઝ સીદાતારના Orgenic Toothpeste પરના લઘુ સંશોધનને પેટન્ટ માટે મોકલવામાં આવશે.

નાઝ નાની વયની પેટન્ટ ધારક બની જીલ્લાનું ગૌરવ વધારશે.

ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓ સંશોધનકાર્ય તરફ પોતાનો દ્રષ્ટિકોણ કેળવે તેવા આશયથી છેલ્લા ૨૪ વર્ષથી 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'નું ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ NCSTC દ્વારા **રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ**નું આયોજન વિવિધ સ્તરે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ માટે મુખ્ય વિષય 'ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ' છે. ગુજરાત રાજ્યમાં આ પ્રવૃતિનું સંચાલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

જેના ભાગરૂપે ભાવનગર જીલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ -૨૦૧૭ નું આયોજન તા. ૧૧ નવેમ્બર ૨૦૧૭ ના રોજ મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ શિહોર ખાતે કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદના જીલ્લા કક્ષાના અધિવેશનમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા કુલ ૩૯ લઘુ સંશોધનો રજુ કરવામાં આવેલ. આ સંશોધનાત્મક સ્પર્ધામાં સીદાતર નાઝ, ભોગેસરા મનીષા, પઠાણ સાનિયા, ગોરસિયા બંસી, ગાલા સાગર, દવે આર્યન, ગીલાતર હેતલ, સુથાર મહેન્દ્ર, ગાલા દર્શન, દોશી કેનીલ અને દિવ્યાંગ બાળકોમાં ફોરમ જોષીના સંશોધન પસંદગી પામ્યા હતા. પસંદગી પામેલ સંશોધનો તા. ૨૪ અને ૨૫ મી નવેમ્બર, ૨૦૧૭ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ભાવનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ.

રાજ્ય સ્તરની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં ગુજરાત રાજ્ય ના ૩૩ જીલ્લામાં થી કુલ ૩૬૩ લઘુ સંશોધનોની રજૂઆત થયેલ. આ ૩૬૩ સંશોધનો પૈકી શ્રેષ્ઠ ૨૬ સંશોધનો રાષ્ટ્રીય કક્ષા માટે પસદગી પામેલ. જેમાં ભાવનગર જીલ્લાના નાઝ સીદાતર, દર્શન ગાલા અને દિવ્યાંગ બાળકોમાં ફોરમ જોષીના સંશોધનોનો સમાવેશ થયેલ છે. જેઓ આગમી તા.27 થી ૩૧ ડીસેમ્બર, ૨૦૧૭ દરમ્યાન ગુજરાત સાયન્સ સીટી, અમદવાદ ખાતે યોજાનાર રાષ્ટીય કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

પસંદગી પામેલ ભાવનગર જીલ્લાના ત્રણેય વિદ્યાર્થીઓ તથા તેમન શિક્ષક શ્રી નીકેતાબેન આચાર્ય, શ્રી અવિનાશભાઈ દવે અને શ્રી નીલાબા ગોહિલને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુ, કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગરના પ્રમુખશ્રી પરેશભાઈ ત્રિવેદી અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેનશ્રી ભાવેશભાઈ ભરાડ દ્વારા શુભેચ્છા પાઠવામાં આવેલ.

27-11-17

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.